


ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ અગિયારસ ગુરુવાર ૫ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૨૦

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

અમેરિકી મિડટર્મ ચૂંટણીમાં ટ્રમ્પની પાર્ટીનો સફાયો


ટ્રમ્પની હાર બાદ સોશિયલ મીડિયા પર યુઝર્સે CEC જ્ઞાનેશ કુમાર પર બનાવ્યા મિમ્સ

રિપબ્લિકન પાર્ટીને શરમજનક પરાજય મળતા પ્રમુખ ટ્રમ્પની એકહથ્થુ સત્તા પર હવે આવશે મોટો અંકુશ

ટેક્સાસ, જ્યોર્જિયા, આયોવા અને ઓહાયો જેવા રિપબ્લિકન ગઢમાં ગવર્નર અને સીનેટ સીટો પર પરાજય; 'ટ્રમ્પ યુગનો અંત' ગણાવતા પૂર્વ સાથીઓ

હું પોતે બેલેટ પેપર પર હોત તો મોટો વિજય થયો હોત: ટ્રમ્પ

કેન્સાસમાં 100 વર્ષ બાદ પ્રથમ વખત ડેમોક્રેટિક ઉમેદવાર જીત્યો



વોશિંગ્ટન, તા. 4 (PTI): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સખત આંચકો આપતાં, અમેરિકી મતદારોએ મિડટર્મ ચૂંટણીમાં વિરોધ પક્ષ ડેમોક્રેટિક પાર્ટીને યુએસ કોંગ્રેસ (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સીનેટ) બંનેમાં બહુમતી આપી છે. આ સાથે જ મુખ્ય ગવર્નર પદો પર પણ ડેમોક્રેટ્સે કબજો જમાવી દીધો છે, જેના પરિણામો અમેરિકાની સીમાઓને પાર વૈશ્વિક સ્તરે જોવા મળશે.

ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને પોતાના પરંપરાગત ગઢ ગણાતા ટેક્સાસ, જ્યોર્જિયા, આયોવા અને ઓહાયો જેવા રાજ્યમાં શરમજનક પરાજયનો સામનો કરવો પડ્યો છે. સીનેટ રેસમાં પણ ટેક્સાસ, મૈન, સાઉથ કેરોલિના, નોર્થ કેરોલિના, કેન્સાસ, આયોવા અને ઓહાયોમાં રિપબ્લિકન્સનો પરાજય થયો છે, જ્યાં ટ્રમ્પે પોતે જઈને ચૂંટણી પ્રચાર કર્યો હતો. આ હારનું મુખ્ય કારણ ઈરાન યુદ્ધ અને મોંઘવારી વધવાને કારણે પ્રમુખ ટ્રમ્પની નીતિઓ સામે લોકોમાં ફાટી નીકળેલો રોષ છે.

વિવેક રામાસ્વામી ઓહાયોના ગવર્નર પદની રેસમાં ડેમોક્રેટિક ઉમેદવાર એમી એક્ટન સામે હારી ગયા છે. આ ઉપરાંત, ટેક્સાસમાં જીના હિનોજોસા ગવર્નર બનીને પ્રથમ લેટિન ગવર્નર બન્યા છે, જ્યારે જ્યોર્જિયામાં કીશા લાન્સ બોટમ્સ પ્રથમ અશ્વેત મહિલા ગવર્નર તરીકે ચૂંટાયા છે. કેન્સાસમાં

...અનુસંધાન પાના 11 પર

ટ્રમ્પે હાર સ્વીકારી પણ સાથે વીટોનું અસ્ત્ર પણ ઉગામ્યું

વોશિંગ્ટન. અમેરિકી મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીના વિજય બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિરોધ પક્ષને અભિનંદન પાઠવ્યા છે. સીબીએસ ન્યૂઝ સાથેની વાતચીતમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે ડેમોક્રેટ્સે સખત સંઘર્ષ કર્યો અને સારું કામ કર્યું છે. તેમણે કહ્યું કે તેઓ દેશના હિત માટે વિપક્ષ સાથે કામ કરવા આતુર છે. ટેક્સાસ, નોર્થ કેરોલિના અને ઓહાયો જેવા પોતાના પ્રભાવશાળી ગઢમાં રિપબ્લિકન ઉમેદવારોની હાર છતાં ટ્રમ્પે સ્વીકાર્યું કે તેઓ પરિણામો સ્વીકારવા તૈયાર છે. જો કે, તેમણે પુનરોચ્ચાર કર્યો કે જો તેઓ પોતે બેલેટ પેપર પર હોત તો પાર્ટી જબરદસ્ત બહુમતીથી જીતી હોત. ટ્રુથ સોશિયલ પર 'VETO' લખેલી લાલ કેપની તસવીર શેર કરતા ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો ડેમોક્રેટ્સ સહકાર નહીં આપે તો તેમની પાસે વીટો પાવરનો ઉપયોગ કરવાનો વિકલ્પ છે. તેમણે ઉમેર્યું હતું કે અર્થતંત્ર અને અન્ય ઘણા મુદ્દાઓ પર તેઓ ડેમોક્રેટ્સ સાથે મળીને કામ કરવા માટે તૈયાર છે.

બેઠકોનું ગણિત બદલાયું

વિદાય લેતી સીનેટમાં રિપબ્લિકન્સ પાસે 53-47ની બહુમતી હતી. પરંતુ નોર્થ કેરોલિના, ઓહાયો, મૈન, સાઉથ કેરોલિના, કેન્સાસ, આયોવા અને ટેક્સાસ સહિત રિપબ્લિકન્સના કબ્જા હેઠળની ઓછામાં ઓછી સાત બેઠકો જીતીને ડેમોક્રેટ્સે સીનેટ પર કબ્જો જમાવ્યો છે. જ્યારે વિદાય લેતી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં રિપબ્લિકન્સ પાસે 220-215ની પાતળી સરસાઈ હતી. પરંતુ હવે ડેમોક્રેટ્સે નીચલા ગૃહ પર અંકુશ મેળવવા માટે જરૂરી 218-બેઠકોનો આંકડો પાર કરી લીધો છે, જેનાથી સત્તાનું સંતુલન સંપૂર્ણપણે પલટાઈ ગયું છે.



'ભાઈ, મને જ્ઞાનેશ આપો' સહિતના કટાક્ષ અને મિમ્સ વાયરલ વિપક્ષી નેતાઓ અને એક્ટિવિસ્ટોએ પણ કટાક્ષ કર્યા

નવી દિલ્હી, તા. 4 (PTI): અમેરિકાની મિડટર્મ ચૂંટણીમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના પરાજય બાદ સોશિયલ મીડિયા પર ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નર (સીઈસી) જ્ઞાનેશ કુમાર અચાનક ચર્ચાના કેન્દ્રમાં આવી ગયા છે.

દેશમાં ચાલી રહેલા 'વોટ ચોરી' અને મતદાર યાદીઓની અનિયમિતતાના આરોપો વચ્ચે નેટીઝન્સ અને વિપક્ષી નેતાઓએ કટાક્ષ અને રમૂજી મિમ્સ દ્વારા ટ્રમ્પ અને જ્ઞાનેશ કુમારને સાંકળીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર ભારે ધમાલ મચાવી છે.

એક્સ પર વાયરલ થયેલા એક મિમમાં ટ્રમ્પ વડા પ્રધાન મોદીને કહેતા જોવા મળે છે કે,'"બ્રો, ગીવ મી જ્ઞાનેશ' (ભાઈ, મને જ્ઞાનેશ આપો). કોંગ્રેસના નેતા પવન ખેડાએ ચપટી લેતા લખ્યું કે, 'ટ્રમ્પ સાહેબ, જો તમે જ્ઞાનેશને સાથે લઈ ગયા હોત તો આજે આ દિવસ જોવો ન પડત.' આ સિવાય એક્ટિવિસ્ટ પ્રશાંત ભૂષણ અને અન્ય સોશિયલ મીડિયા યુઝર્સે પણ પેરોડી પોસ્ટ્સ શેર કરી લખ્યું હતું કે, 'ટ્રમ્પ હવે અમેરિકામાં ચૂંટણી કરાવવા માટે જ્ઞાનેશ કુમારને બોલાવવા માગે છે.'

કેટલાંક ટ્રેન્ડીંગ મિમ્સ અને કટાક્ષ:

- ટ્રમ્પ હવે ભારતના ચૂંટણી પંચને વિનંતી કરી રહ્યા છે કે, 'અમેરિકામાં મત ગણતરી કેવી રીતે કરવી અને ઈવીએમ કે બેલેટ પેપરમાં યોગ્ય 'સુધારા' કેવી રીતે કરવા તેનું સ્પેશિયલ ટ્રેનિંગ સેશન યોજવામાં આવે!'

- 'જો યુએસમાં જ્ઞાનેશ કુમાર હોત, તો ડેમોક્રેટ્સ જીતી રહ્યા છે તેવા એક પણ બેલેટ પેપરની ગણતરી જ ન થઈ હોત! ટ્રમ્પ ભાઈ, તમે ખોટા દેશમાં ચૂંટણી લડી રહ્યા છો.

- વોશિંગ્ટનમાં પરિણામો બદલવા માટે ભારતીય ચૂંટણી પંચની ટીમ રવાના. ટ્રમ્પનો દાવો - જ્ઞાનેશજી આવશે એટલે સીન બદલાઈ જશે!

- અમેરિકન વિપક્ષ ડેમોક્રેટ્સ જીતી ગયા કારણ કે ત્યાં 'ચૂંટણી પંચ' નામનું સંસ્થાન નિષ્પક્ષ હતું! ટ્રમ્પે ભારતીય મોડેલમાંથી થોડી શિખામણ લેવાની જરૂર હતી.

દિલ્હી ડાયરી



એનસીપી (અજિત પવાર) જૂથમાં વિલીનીકરણની હલચલ

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર)નું બળવાખોર જૂથ એક નવા સંકટનો સામનો કરી રહ્યું છે. કારણ કે, તેના નેતાઓના એક જૂથે રવિવારે દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. એવું જાણવા મળ્યું છે કે આ મુલાકાત દરમિયાન નેતાઓએ શરદ પવારની આગેવાની હેઠળની વિરોધી એનસીપી સાથે વિલીનીકરણની શક્યતા પર ચર્ચા કરી હતી. શાહને દિલ્હીમાં મળેલું એનસીપી (અજિત પવાર)નું જૂનું જૂથ આ વિલીનીકરણની તરફેણમાં છે અને મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી તથા તેમના જૂથના વડા સુનેત્રા પવાર (સ્વર્ગસ્થ અજિત પવારના પત્ની) અને તેમના પુત્ર તથા રાજ્યસભાના સાંસદ પાર્થ પવાર આ માટે તૈયાર ન હોય તો પણ આ શક્યતા ચકાસવા માગે છે. દિલ્હીમાં થયેલી આ મુલાકાત બાદ સોમવારે મુંબઈમાં યોજાયેલી એક બેઠકમાં સુનેત્રા પવારને આ મુદ્દે ચર્ચા કરવા

...અનુસંધાન પાના 11 પર

તા.૦૪-૧૧-૨૦૨૬નું વડોદરા શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૫.૦° સે.	૧૯.૫° સે.	૩૯%

પ્રથમ બેચની નિવૃત્તિના 3 અઠવાડિયા પહેલા કેન્દ્ર સરકારનો અગ્નિપથ યોજનામાં મોટો ફેરફાર

અગ્નિવીરોને 2 વર્ષનું એક્સ્ટેન્શન અને કાયમી સૈનિક બનવાની તક

3.18 લાખ જવાનોનો કાર્યકાળ બે વર્ષ વધારાયો, ડિસેમ્બર સુધીમાં પ્રથમ બેચના 18,300 અગ્નિવીરોનો કાર્યકાળ પૂરો થવાનો હતો, જેમને મળશે વધારાનો લાભ

75 ટકા અગ્નિવીરોને વધારાની નોકરી, ઉંચા પગાર અને સેવા નિધિ પેકેજ સાથે નિયમિત સૈનિક બનવાની તક મળશે

દેશના યુવાનોના વિરોધ પ્રદર્શનો, બેરોજગારી મુદ્દે વિપક્ષના પ્રહારો અને અમુક રાજ્યોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે આ જાહેરાત કરાઈ

નવી દિલ્હી, તા. 4 (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મંજૂરી બાદ કેન્દ્ર સરકારે અગ્નિપથ યોજનામાં મોટો ફેરફાર કરીને અગ્નિવીરો માટે ભવિષ્યના નવા દ્વાર ખોલી દીધા છે. હવે 4 વર્ષનો કાર્યકાળ પૂરો કરનારા અગ્નિવીરોને 2 વર્ષનો વધારાનો સેવા વિસ્તાર (એક્સ્ટેન્શન) આપવામાં આવશે. આ બાદ ચોક્કસ પાત્રતા ધોરણો પૂરા કરવાના આધારે તેમની કાયમી સૈનિક તરીકે ભરતી કરવામાં આવશે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ એન. એસ. રાજા સુબ્રમણીએ માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને આ નિર્ણયની જાહેરાત કરી હતી.

અગ્નિપથ યોજનામાં ફેરફારની આ જાહેરાત દેશના યુવાનોના વિરોધ પ્રદર્શનો, બેરોજગારી મુદ્દે વિપક્ષના આકરા પ્રહારો અને પંજાબ તથા ઉત્તર પ્રદેશમાં આગામી સમયમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે સામે આવી છે.

હાલમાં ત્રણેય સેનાઓમાં 3,00,000થી વધુ અગ્નિવીરો સેવા આપી રહ્યા છે. 31 ડિસેમ્બર સુધીમાં પ્રથમ બેચના 18,300 અગ્નિવીરો નિવૃત્ત થવાના હતા, તેના 3 અઠવાડિયા પહેલા જ આ ઐતિહાસિક સુધારો કરવામાં આવ્યો છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ નિર્ણયને ભારતીય સેનાના લાંબા ગાળાના માળખાકીય સુધારાનો ભાગ ગણાવ્યો હતો, જે ટેકનોલોજીથી સજ્જ અને ભવિષ્ય માટે સક્ષમ સૈન્ય તૈયાર કરશે. સીડીએસ જનરલ સુબ્રમણીએ સ્પષ્ટ કર્યું હતું કે અગ્નિપથ યોજના બંધ નહીં થાય પરંતુ ચાલુ રહેશે. આ ઉપરાંત ભરતી પ્રક્રિયામાં ફિઝિકલ ટેસ્ટ પહેલા લેખિત પરીક્ષા યોજાશે અને સેવામાં મળેલા અનુભવના આધારે સૈનિકોને ઓફિશિયલ સ્કિલ સર્ટિફિકેટ પણ પ્રદાન કરવામાં આવશે. જોકે તેમણે આ નવી યોજના ભવિષ્યની નિયુક્તિઓમાં પણ લાગુ થશે કે નહીં તે અંગે સ્પષ્ટતા કરી ન હતી.

અગ્નિપથ યોજનાએ સંરક્ષણ દળોની વિવિધ શાખાઓ મહિલાઓ માટે પણ ખુલ્લી મૂકી છે અને તેણે સેવાઓમાં કૌશલ્ય તેમજ ટેકનોલોજીકલ અનુકૂલનક્ષમતા વધારવામાં મદદ કરી છે. જ્યારે અગ્નિપથ યોજના શરૂ કરવામાં

...અનુસંધાન પાના 11 પર

શું છે નવી નીતિમાં

નવી નીતિ મુજબ, અગાઉની જેમ 25 ટકા અગ્નિવીરોને મેરિટના આધારે 4 વર્ષ બાદ જ નિયમિત સેવાઓમાં સામેલ કરાશે. જ્યારે બાકીના 75 ટકા અગ્નિવીરોને તેમની ઈચ્છા મુજબ 2 વર્ષનો વધારાનો નોકરીનો ગાળો આપવામાં આવશે. આ બીજા કાર્યકાળ દરમિયાન તેમને વધેલું વેતન, ઊંચુ સેવા નિધિ પેકેજ અને સીનિયરિટીનો લાભ મળશે. આ 6 વર્ષની સેવા પૂર્ણ કર્યા બાદ યોગ્યતા ધરાવતા તમામ અગ્નિવીરો કાયમી સૈનિક બની શકશે. આ માટે સૈન્યમાં કાયમી રહેવા ઈચ્છુક અગ્નિવીરોએ નિર્ધારિત પસંદગી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. આ નવા નિયમ બાદ લગભગ બધાં જ અગ્નીવીરોને સૈન્યમાં કાયમ માટે જોડાવાનો માર્ગ મોકળો થશે.

જૂની નીતિના નિયમો અને શરતો

જૂન 2022માં શરૂ કરાયેલી અગ્નિપથ યોજના હેઠળ 17.5થી 21 વર્ષના યુવાનોને 4 વર્ષ માટે ભરતી કરવામાં આવે છે, જેમાં માત્ર 25 ટકાને કાયમી રાખવાની જોગવાઈ હતી અને બાકીના 75 ટકાને નિવૃત્તિ ભથ્થાં વિગેરે આપીને નિવૃત્ત કરવામાં આવે છે, જોકે તેમને પોલીસ અને સુરક્ષા દળોમાં નોકરી કરવાની છૂટ મળે છે. જોકે સીડીએસ જનરલે જણાવ્યા મુજબ અગ્નિપથ યોજના બંધ નહીં થાય તે ચાલુ જ રહેશે.

દિવાળી પહેલાં રાજ્યના ૮.૮૨ લાખ કર્મચારીઓ-પેન્શનરોનું ડીએ વધ્યું

મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો થતાં મોંઘવારી ભથ્થામાં ૬૦ ટકાથી વધીને ૬૩ ટકા થશે

ચાર માસનું એરિયર્સ નવેમ્બરના પગાર સાથે ચૂકવાશે

ગાંધીનગર: દિવાળીના તહેવારો પૂર્વે ગુજરાત સરકારે રાજ્યના લાખો સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને આર્થિક રાહત આપતો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (DA)માં ત્રણ ટકાનો વધારો કરવામાં આવતાં હવે મોંઘવારી ભથ્થાનો દર ૬૦ ટકાથી વધીને ૬૩ ટકા થશે. આ નિર્ણયથી રાજ્યના ૪ લાખથી વધુ કાર્યરત કર્મચારીઓ અને અંદાજે ૪.૮૨ લાખ પેન્શનરો મળીને કુલ ૮.૮૨ લાખથી વધુ લોકોને સીધો લાભ મળશે.

રાજ્ય સરકારના કર્મચારીઓ ઉપરાંત પંચાયત સેવાના કર્મચારીઓ પણ આ વધારાના લાભાર્થી બનશે. આ વધારો ૧ જુલાઈ, ૨૦૨૬થી અમલી બનશે. જુલાઈથી ઓક્ટોબર સુધીના ચાર માસના એરિયર્સની રકમ નવેમ્બર મહિનાના પગાર સાથે એક જ હપ્તામાં ચૂકવવાનો નિર્ણય લેવાયો છે. દિવાળી પહેલાં લેવાયેલા આ નિર્ણયથી કર્મચારીઓ અને પેન્શનરોના પરિવારોને તહેવારોના સમયે વધારાની આર્થિક રાહત મળશે. રાજ્ય

...અનુસંધાન પાના 11 પર

ઈરાન દ્વારા હોર્મુઝમાં ભારતના જહાજોને મુક્ત અવરજવરની મંજૂરી

દવાઓની આયાત ચાલુ રાખવા અને રાજકીય સમર્થનને ધ્યાનમાં રાખીને ભારત, ચીન, ઈરાક અને કતારને અપાઈ છૂટ

દુબઈ, તા. 4 (પીટીઆઈ): પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને દરિયાઈ માર્ગો પર સતત થતા હુમલાઓ વચ્ચે ઈરાને એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ઈરાને ભારત અને ચીન સહિત ચાર દેશોના વેપારી જહાજોને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની સામુદ્રધુની (સ્ટ્રેટ ઓફ હોર્મુઝ)માં લાગુ કરાયેલા ટ્રાન્ઝિટ નિયંત્રણોમાંથી મુક્તિ આપી છે.

ઈરાનની સંસદની નેશનલ સિક્યુરિટી એન્ડ ફોરેન પોલિસી કમિટીના ડેપ્યુટી ચેરમેન આમિર હયાત મોગદામના જણાવ્યા મુજબ, ઈરાને ભારત, ચીન, ઈરાક અને કતારના જહાજોને મુક્ત અવરજવર માટે છૂટછાટ આપી છે. આ નિર્ણય પાછળ ચોક્કસ પરસ્પર હિતો જવાબદાર છે. ભારત માટે આ મુક્તિ એટલા માટે આપવામાં આવી છે જેથી ભારતમાંથી દવાઓની આયાત ચાલુ રાખી શકાય, જ્યારે ચીનને બીજિંગના રાજકીય સમર્થનના કારણે છૂટ આપવામાં આવી છે.

ઈરાનની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ કમિટીના ડેપ્યુટી ચેરમેન આમિર હયાત મોગદામે મંગળવારે આ જાહેરાત કરી હતી. 'અમે હાલમાં ચાર દેશો - ભારત, ચીન, ઈરાક અને કતારને હોર્મુઝની સામુદ્રધુનીમાં અવરજવરના નિયંત્રણોમાંથી મુક્તિ આપી છે. આ દેશોના જહાજો મુક્તપણે પસાર થાય છે અને અમેરિકનો પણ તેમને રોકતા નથી.'

...અનુસંધાન પાના 11 પર